મહારાષ્ટ્ર શાસન
સાંસ્કૃતિક કાર્ય વિભાગ,

# મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી

ઓલ્ડ કસ્ટમ હાઉસ, વિકાસ વિભાગ, બીજો માળ, શહીદ ભગતસિંહ માર્ગ, મુંબઈ – 400 001.
mhsahityaacademy@gmail.com 022-2267 2539 mahasahitya.org Maha Sahitya

---

## (અ) પુરસ્કાર-યોજના

આ યોજના અંતર્ગત નિમ્નલિખિત પુરસ્કારો આપવામાં આવે છે.

| અનુક્રમ | પુરસ્કારનાં નામ | સાહિત્યપ્રકાર | પુરસ્કાર રાશિ |
|---|---|---|---|
| **નર્મદ પુરસ્કાર** | | | |
| 1. | કવિ નર્મદ મરાઠી સાહિત્ય પુરસ્કાર | | ₹. 1,00,000/- |
| 2. | કવિ નર્મદ ગુજરાતી સાહિત્ય પુરસ્કાર | | ₹. 1,00,000/- |
| **જીવન ગૌરવ પુરસ્કાર** | | | |
| 1. | સાહિત્ય | | ₹. 1,00,000/- |
| 2. | કલા | | ₹. 1,00,000/- |
| 3. | પત્રકારત્વ | | ₹. 1,00,000/- |
| 4. | સંસ્થા | | ₹. 1,00,000/- |
| **વાઙ્મય પુરસ્કાર** | | | |
| 1. | ચુનીલાલ મડિયા પુરસ્કાર | નવલકથા | પ્રથમ–₹. 30,000/- |
| | | | દ્વિતીય –₹. 20,000/- |
| 2. | રામનારાયણ પાઠક પુરસ્કાર | લઘુકથા | પ્રથમ–₹. 30,000/- |
| | | | દ્વિતીય –₹. 20,000/- |
| 3. | હરિશ્ચન્દ્ર ભટ્ટ પુરસ્કાર | કવિતા | પ્રથમ–₹. 30,000/- |
| | | | દ્વિતીય –₹. 20,000/- |
| 4. | પ્રબોધ જોશી પુરસ્કાર | નાટક | પ્રથમ–₹. 30,000/- |
| | | | દ્વિતીય –₹. 20,000/- |
| 5. | વાડીલાલ ડગલી પુરસ્કાર | લલિત નિબંધ | પ્રથમ–₹. 30,000/- |
| | | | દ્વિતીય–₹. 20,000/- |

| | | | |
|---|---|---|---|
| 6. | **પ્રાગજી ડોસા પુરસ્કાર** | **બાલસાહિત્ય** | **પ્રથમ**–₹. 30,000/- |
| | | | **દ્વિતીય**–₹. 20,000/- |
| 7. | **યશવંત દોશી પુરસ્કાર** | **નવોદિત લેખક** | **પ્રથમ**–₹. 30,000/- |
| | | | **દ્વિતીય**–₹. 20,000/- |
| 8. | **ગોપાળરાવ વિદ્વાંસ પુરસ્કાર** | **અનુવાદ** | **પ્રથમ**–₹. 30,000/- |
| | | | **દ્વિતીય**–₹. 20,000/- |
| 9. | **ગુલાબદાસ બ્રોકર પુરસ્કાર** | **પ્રકીર્ણ (સમીક્ષા)** | **પ્રથમ**–₹. 30,000/- |
| | | | **દ્વિતીય**–₹. 20,000/- |

## પાત્રતાઃ-

### અ) જીવન ગૌરવ પુરસ્કારઃ-

1. ગુજરાતી સાહિત્ય-જગતમાં પ્રદીર્ઘ સમયથી ગુજરાતી ભાષાના વિકાસોત્થાન માટે જેમનું વિશેષ યોગદાન રહ્યું હોય એવા વરિષ્ઠ સાહિત્યકારને આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. ગુજરાતી ભાષામાં દરજ્જાપૂર્ણ કૃતિઓની રચના કરનાર લેખક/સાહિત્યકાર આ પુરસ્કારને પાત્ર ગણાશે.
2. ઉત્કૃષ્ટ સાહિત્યનું સર્જન કરનારા સાહિત્યકાર, કલાકાર, પત્રકાર તેમજ સંસ્થા આ પુરસ્કારને પાત્ર છે.
3. પુરસ્કર્તાનું સાહિત્યક્ષેત્રમાં કર્તૃત્વ/મહત્તા સિદ્ધ થવા જોઈએ.
4. રાજ્યસ્તરીય સન્માન 'જીવન ગૌરવ પુરસ્કાર' માટે જેમની પસંદગી થાય તેમનો ઓછામાં ઓછો 15 વર્ષનો નિવાસ મહારાષ્ટ્ર રાજ્યમાં હોવો જોઈએ.

### બ) વાઙ્મય પુરસ્કારઃ-

1. દર વર્ષે 1 જાન્યુઆરીથી 31 ડિસેમ્બર દરમિયાન પ્રકાશિત થનારી મૂળ સાહિત્યકૃતિઓનો આ અંતર્ગત વિચાર કરવામાં આવશે.
2. ટૂંકી વાર્તા, નવલકથા, કવિતા, નાટક, લલિત સાહિત્ય, બાલસાહિત્ય, અનુવાદ, નવોદિત સાહિત્ય અને પ્રકીર્ણ સાહિત્યપ્રકારોનો વિચાર કરવામાં આવશે.
3. વાઙ્મય પુરસ્કાર માટે ગુજરાતી સાહિત્યનાં પુસ્તકોની પસંદગી કરતી વેળાએ સાહિત્યકારનો મહારાષ્ટ્ર રાજ્યમાં 15 વર્ષનો નિવાસ હોવો અનિવાર્ય છે.

## જીવન ગૌરવ તથા વાઙ્મય પુરસ્કાર યોજનાના નિયમોઃ-

- પુરસ્કર્તાનું ગુજરાતી સાહિત્યક્ષેત્રનું કર્તૃત્વ નિર્વિવાદ હોવું અનિવાર્ય છે.
- પુરસ્કર્તાનો મહારાષ્ટ્ર રાજ્યમાં ઓછામાં ઓછો 15 વર્ષનો નિવાસ હોવો જરૂરી છે.
- વાઙ્મય પુરસ્કાર માટે **છેલ્લા ત્રણ વર્ષના સમયગાળા દરમ્યાન** પ્રકાશિત કૃતિઓ જ સ્વીકારવામાં આવશે.
- જે પુસ્તકો મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીના અનુદાનથી પ્રગટ થયાં હશે તે પુસ્તકોને વાઙ્મય પુરસ્કાર માટે ગણનામાં લેવામાં આવશે નહીં
- લેખક એકાધિક શ્રેણીમાં પોતાની કૃતિ મોકલી શકે છે, પરંતુ કોઈ એક વર્ષમાં એક જ કૃતિ પુરસ્કારને પાત્ર ગણવામાં આવશે.
- પુરસ્કાર પ્રાપ્ત કર્યા પછી લેખક આગામી બે વરસ સુધી એ શ્રેણીમાં પુરસ્કાર માટે પ્રવિષ્ટિઓ મોકલી શકશે નહિ.
- સાહિત્યકારો સિવાય સંસ્થા, પત્રકાર કે અન્ય મહાનુભાવો દ્વારા પ્રાપ્ત પ્રવિષ્ટિઓ પણ વિચારણીય બનશે.
- ડી.લિટ, પીએચ.ડી., એમ.ફિલના શોધ-પ્રબંધ, સંપાદિત સંકલન તેમજ અભિનંદનગ્રંથ પુરસ્કાર માટે માન્ય ગણાશે નહિ.
- આવેદનપત્ર, જીવનવૃત્તાંત, કૃતિ/પુસ્તકની ત્રણ નકલો, લેખકનો એક પાસપૉર્ટ સાઇઝનો ફોટો, મહારાષ્ટ્ર રાજ્યમાં 15 વર્ષના નિવાસનું પ્રમાણપત્ર, આધારકાર્ડની / પૅન કાર્ડ નકલ, બૅંક પાસબૂકની પહેલાં પાનાની નકલ/કૅન્સલ ચેકની સાથે પ્રવિષ્ટિઓ સ્વીકારવામાં આવશે.
- છેલ્લી તારીખ પછી મળેલી પ્રવિષ્ટિઓ ધ્યાનમાં લેવામાં આવશે નહિ.